સુરમધુર દ્વારા નિર્મિત અને શ્રી પટેલ રાસ મંડળી દ્વારા પ્રસ્તુત રાસ-ગરબાએ કલકત્તા ખાતે રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ૭ ટ્રૉફી જીતી

ગાંધીનગર, તા. ૧૯

તા. ૧૩ અને ૧૪ ઑક્ટોબર દરમ્યાન કલકત્તા ખાતે સુપ્રસિદ્ધ સંસ્થા 'ઝંકાર' દ્વારા રાષ્ટ્રીય કક્ષાની રાસ-ગરબા સ્પર્ધામાં 'સુરમધુર' દ્વારા નિર્માણ અને દિગ્દર્શિત થયેલ અને શ્રી પટેલ રાસ મંડળી, લતીપુર દ્વારા પ્રસ્તુત ગરબા અને રાસમાં કુલ ૭ ટ્રૉફી જીતી સંસ્થાએ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

કલકત્તા ખાતે ઝંકાર સંસ્થા દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ યોજાયેલ આ રાસ-ગરબા સ્પર્ધા-૨૦૧૨ની અંતિમ સ્પર્ધામાં કુલ ૭ ગરબા અને ૭ રાસની પ્રસ્તુતી થઈ હતી. જેમાં સુરમધુર દ્વારા નિર્મિત અને શ્રી પટેલ રાસ મંડળી, લતીપુર દ્વારા ૧ રાસ અને ૧ ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જેને કુલ ૬ ગોલ્ડ અને ૧ સિલ્વર મળી કુલ ૭ ટ્રોફી મળી હતી. જેમાં શ્રેષ્ઠ રાસ, શ્રેષ્ઠ મ્યુઝીક, શ્રેષ્ઠ કોરિયોગ્રાફી, શ્રેષ્ઠ ડ્રેસ, શ્રેષ્ઠ સિંગર, શ્રેષ્ઠ રજૂઆત અને શ્રેષ્ઠ ગરબા (દ્વિતિય) માટેની ટ્રોફીનો સમાવેશ થાય છે.

આ સ્પર્ધાની પ્રસ્તુત વિજેતા કૃતિઓનું થીમ આધારિત નિર્માણ કરી સંગીત દિગ્દર્શન, ડ્રેસ ડિઝાઈન અને સમગ્ર દિગ્દર્શન મયંક દવે દ્વારા કરવામાં આવ્યું હતું. ધ્વનિ મુદ્રણ સુરમધુર કલાવૃંદ, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું.

અંબાજી પદયાત્રાના થીમ પર તૈયાર થયેલ ગરબો અને શૌર્યના ઈતિહાસને ઉજાગર કરતો સૌપ્રથમ વાર નિર્માણ પામેલ શૌર્ય રાસ સુરમધુર દ્વારા આ સ્પર્ધામાં પ્રસ્તુત કરવામાં આવ્યો હતો.

ગરબાની વિશેષતા એ હતી કે માત્ર ૭ મિનીટના આ પરફોર્મન્સમાં રેકર્ડ બ્રેક ૪૭ કોરિયોગ્રાફી રજૂ કરવામાં આવી હતી. ઉપરાંત, અંબાજી પદયાત્રા થીમ અનુસંધાને સ્ટેજ પર આકાશમાંથી ત્રણ ફૂટ/સાડા ચાર ફૂટનું મંદિર ઉતારી ચાલુ ગરબાએ એક મોટા રથનું નિર્માણ કરી ગરબા, માંડવડી ને હાથમાં ધજાઓ સાથે 'બોલ મારી અંબે જય જય અંબે' નાદ અને તેવા જ ભરપૂર સંગીતથી વાતાવરણ ખૂબ જ ભાવમય બનાવી દેવામાં આવ્યું હતું. કલાકારોએ એક્ઝીટ કરી ત્યારે ઑડિયન્સે સમગ્ર હૉલને તાળીઓના ગડગડાટથી ભરી દીધો હતો.

તે જ રીતે શૌર્ય રાસમાં પણ ભૂચર મોરીની યાદમાં શ્રી પટેલ રાસ મંડળીના પૂર્વજો દ્વારા નિર્માણ થયેલ ઢાલ-તલવાર રાસ ઉપરથી નિર્માણ થયેલ મણિયારો વિલંબિત ગતિમાં તૈયાર કરવામાં આવ્યો હતો. મુજુભા જાડેજાની યાદમાં મધ્યમ લયમાં તૈયાર કરવામાં આવેલ 'ના છડીયા હથિયાર' અને અંતમાં હાલાજી તથા પટ્ટી ઘોડીની યાદમાં ગવાતો 'હાલાજી તારા હાથ વખાણું' એ દ્રુત ગતિના રાસના સુઆયોજિત સંયોજનથી શૌર્ય રાસની પ્રસ્તુતિ કરવામાં આવી ત્યારે સૌ પ્રેક્ષકોએ ઊભા થઈને આ કૃતિને સન્માન બક્ષ્યું હતું.

આમ સુરમધુરના નિયામક મયંક દવે દ્વારા ખાસ થીમ ઉપર તૈયાર કરવામાં આવેલી બે કૃતિઓને શ્રી પટેલ રાસ મંડળી, લતીપુરના કલાકારોએ બખૂબી પ્રસ્તુત કરીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આ ગૌરવપૂર્ણ કૃતિઓમાં સુરમધુરના ધાર્મિક દવે, નંદ દવે, નિરવ પંડ્યા અને ઉમંગ જહાએ પણ ખેલૈયા તરીકેની ભૂમિકા નિભાવી હતી.

પેલા ડુંગરવાળા ડોશી મને લાડ લડાવે..... ગાંધીનગર કલ્ચરલ ફોરમ ખાતે ગરબાનો પારો ચરમસીમાએ પહોંચી ગયું હોય એવું ત્રીજા જ નોરતાથી લાગી રહ્યું છે. ડસ્ટ ફ્રી અને સુરક્ષિત પારિવારિક માહોલ વધુ ને વધુ ખેલૈયાઓને આ ગરબા ગ્રાઉન્ડ પ્રતિ આકર્ષી રહ્યો છે. અહીં મૂકવામાં આવેલી બે વિશાળ એલઈડી સ્ક્રીન પણ લોકોનાં આકર્ષણ અને ચર્ચાનું કેન્દ્ર બની છે. (તસવીર : દિપક જાની)

નવરાત્રી ચારે કોર

પાંચમા નોરતે ગીત-સંગીતની સંગત :

- ઉનાવા : ચાચર ચોકમાં શ્રી મહાકાલી માતાના મંદિરે સાવન રાવલ, આરતી સુથાર-હિટ્સ મ્યુઝીકલ ગ્રૂપ, પાલનપુર.
- સરઢવ : વારાહી ચોક ખાતે કમલેશ બારોટ, અભિતા પટેલ.
- સરઢવ : માંડવી ચોક, ઉગમણી ભાગોળ ખાતે અલ્પેશભાઈ (દદુ) અને ગ્રૂપ - ઝૅંકાર મ્યુઝીકલ ગ્રૂપ.
- સરગાસણ : વેરાઈ માતાના મંદિર ખાતે પ્રકાશ ઠાકોર-જુગલબંધી ગ્રૂપ.
- સૅક્ટર-૨૨ : ગબ્બર ચૉક ખાતે રાજુભાઈ વધોરા-રાજ મ્યુઝીકલ ગ્રૂપ.
- સૅક્ટર-૪ : નવરાત્રી ચૉકમાં ઝનકાર બિટ્સ.
- સૅક્ટર-૮ : નવરાત્રી ચૉકમાં ગીત જીતુ ભગત એન્ડ પાર્ટી.
- કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે દિપ્તી દેસાઈ, અમીત ઠક્કર.
- લાયન્સ ક્લબ ગરબા ગ્રાઉન્ડ ખાતે કે જી બિટ્સ.
- થનગનાટ નવરાત્રી મહોત્સવમાં દિપ્તી પાઠક એન્ડ ગ્રૂપ.
- સૅક્ટર-૨૮ : જય અંબે ચૉકમાં મહેશભાઈ રબારી એન્ડ ગ્રૂપ, ખેડા.
- સૅક્ટર-૬ એ : લોકનાદ ગ્રૂપના કલાકારો.
- સૅક્ટર-૭ સી : શિવશક્તિ મંદિર ચૉક ખાતે ગીતા બારોટ એન્ડ ગ્રૂપ.
- સૅક્ટર-૩ બી : નવરાત્રી ચૉક ખાતે કૃણાલ ઓરકેસ્ટ્રા, ગાંધીનગર.
- સૅક્ટર-૩ એ ન્યૂ : નવરાત્રી ચૉક ખાતે સુરસંગમ ઓરકેસ્ટ્રા.
- સૅક્ટર-૩ સી : શક્તિ ચૉક ખાતે જય અંબે કલાવૃંદ.
- સૅક્ટર-૧૭ : શોપીંગ સેન્ટર ખાતે યોગરાજ બાપુ, અમદાવાદ.

ક્યાં જઈ ગાશું ?

શિર પર ગરબો મેલ્યો, અંબે મા ક્યાં જઈ ગાશો ?
ક્યાં જઈ ગાશો મૈયા રાસ રઢીયાળા,
ક્યાં જઈ થાશો મૈયા રાજ દુલારા,
ક્યાં જઈ કરશો વાસો, અંબે મા ક્યાં જઈ ગાશો ?
આસોપાલવનાં અમે તોરણ બંધાવ્યા,
તોરણમાં ફૂલને ગજરા ગુંથાવ્યા,
વચમાં પરોવી મન આશો, અંબે મા ક્યાં જઈ ગાશો ?
તારાના તેજમાં ચાંદાનો પાશ છે,
ઝીણી ઝળુકતી દીવડીની પ્યાસ છે,
પરબુ થઈને કોનો પાશો, અંબે મા ક્યાં જઈ ગાશો ?
નાની વહુવારૂં ટોળે વળી છે
વાત્યુમાં દર્શનની વાતો ભરી છે
ક્યારે મા કરશો ઉજાસો, અંબે મા ક્યાં જઈ ગાશો ?

- રણછોડ વી પરમાર

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

ત્રીજા નોરતાનું પરિણામ

કૅટેગરી	વિનર	રનર્સ અપ
ચાઈલ્ડ બૉય	મીલન પટેલ	શિવ પટેલ
ચાઈલ્ડ ગર્લ	દિયા પરીખ	ધૃવા પટેલ
કીડ બૉય	અભિષેક સોની	ઉત્સવ ચાવડા
કીડ ગર્લ	માનસી પટેલ	વિશ્વા રાઠોડ
ટીનેજર બૉય	પૃથ્વી વોરા	હર્ષિલ દરજી
ટીનેજર ગર્લ	અદિતિ ઠક્કર	પ્રેક્ષા વ્યાસ
ડ્રેસ પ્રિન્સ	શિરીષ પટેલિયા	નિર્મલ શ્રીમાળી
ડ્રેસ પ્રિન્સેસ	નિધિ આચાર્ય	મીના અડાલજા
પૅર	કુલદીપ શુક્લ ખુશ્બુ દેસાઈ	અર્જુન રજવાણીયા નિતીન શિકારી
પરફોર્મન્સ પ્રિન્સ	નિર્મલ પટેલ	હિતેન્દ્રસિંહ ઠાકોર
પરફોર્મન્સ પ્રિન્સેસ	પંક્તિ પટેલ	હર્ષા અલુન્દ્રા

નિર્ણાયક : ભૈરવી લાખાણી, મીતાબેન શાહ, બિન્દુ ઉપાધ્યાય કડવે

જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં મહેંદી-કેશ ગુંથણ હરિફાઈ યોજાઈ

ગાંધીનગર, તા. ૧૯

શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં મહેંદી, કેશ ગુંથણ, સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં ૫૩ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ૭ કેશ ગુંથણ સ્પર્ધક હતા. નંદાબેન ત્રિવેદી તથા દક્ષાબેન પટેલે સ્પર્ધાનું આયોજન કરેલ હતું આચાર્યશ્રી મીનાબેન ચૌધરીએ સ્પર્ધાનું નિરીક્ષણ કરેલ હતું.

ગજજર જીનલ જે. પ્રથમ ક્રમાંક, સોલંકી રોશની દ્વિતીય ક્રમાંકે, રાવળ પ્રિયા, તૃતીય ક્રમે મહેંદી હરિફાઈમાં વિજેતા બન્યા હતા.

કેશ ગુંથણ સ્પર્ધામાં પ્રથમ ક્રમે બિહોલા દિવ્યા, દ્વિતીય ક્રમે રાવલ ધરતી અને તૃતીય ક્રમે સુથાર ક્રિષ્ના વિજેતા બન્યા હતા.

કડી પી.ટી.સી. કૉલેજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૧૯

જીસીઆરટી ગાંધીનગર પ્રેરિત ડીઆઈઈટી પાટણ આયોજિત ઉત્તર મધ્ય ઝોન કક્ષાનો વિજ્ઞાન-ગણિત પ્રદર્શન પિલવાઈ કૉલેજમાં યોજાતો હતો. જેમાં ૯ જિલ્લાની પી.ટી.સી. કૉલેજોએ ભાગ લીધો હતો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત ડૉ. રામભાઈ પટેલ પી.ટી.સી. કૉલેજ કડીના આચાર્ય શ્રી બાબુભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ફાયર સેફટી નામની કૃતિમાં તાલીમાર્થી બ્રહ્મભટ્ટ નેહલબેન અને પટેલ નિલમબેન ભાગ લીધો હતો. જેમાં દ્વિતીય નંબર પ્રાપ્ત કરી શિલ્ડ મેળવી સંસ્થાનું ગૌરવ વધારેલ છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ

ડસ્ટ ફ્રી વાતાવરણ ખેલૈયાઓને આકર્ષી રહ્યું છે તો વિશાળ ઍલઈડી સ્ક્રીન દર્શકોને

ત્રીજા નોરતે જ ખેલૈયાઓએ ગરબા ગ્રાઉન્ડને સંપૂર્ણપણે ભરી દીધું

ગાંધીનગર, તા. ૧૯

આ વખતે નવરાત્રીનો ઉત્સાહ બેવડાયો હોય એમ ત્રીજા જ નોરતે ગાંધીનગર કલ્ચરલ ફોરમનું સમગ્ર ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી અને દર્શકોથી ભરાઈ ગયું હતું. દિપેશ દેસાઈ અને ગ્રૂપની અનુભવી ગીત-સંગીતની સંગતમાં ખેલૈયાઓ મન મૂકીને ઝૂમ્યા હતા. ત્રીજા નોરતે શ્રેષ્ઠ ખેલૈયા તરીકે નિર્મલ પટેલ અને પંક્તિ પટેલનાં નામ જાહેર કરવામાં આવ્યાં હતાં.

ગાંધીનગર કલ્ચરલ ફોરમમાં ગરબા કાર્યક્રમના પ્રારંભે આયકર વિભાગના અધિક કમિશનર ચંદર સેન ભારતી અને અન્ય અધિકારીઓએ માતાજીની આરતી ઉતારી હતી અને એ પછી તેઓ પણ ગરબા નિહળાવા બેઠા હતા. ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવા સફળ પથ મુજબ ગરબા ૯ વાગ્યે પ્રારંભ કરી દેવામાં આવ્યા હતા અને શરૂઆતથી જ ખેલૈયાઓ મોટી સંખ્યામાં ગરબા રમવા માટે ઉપસ્થિત હતા. અહીં રમતા ખેલૈયાઓ અને દર્શકોને સૌથી મોટી બાબત કોઈ આકર્ષી ગઈ હોય તો તે છે અહીંનું ડસ્ટ ફ્રી વાતાવરણ. આટલા મોટા પ્રમાણમાં લોકો ગરબા ગ્રાઉન્ડની મુલાકાત લે છે અને મોટી સંખ્યામાં ખેલૈયાઓ ગરબે પણ રમે છે, પરંતુ તેમ છતાં ગ્રાઉન્ડમાં ક્યાંય ધૂળ ઊડતી જોવા મળતી નથી. આ માટે જવાબદાર છે સંસ્થા દ્વારા સચોટ રીતે કરવામાં આવેલું ફ્લોરીંગ. આ ફ્લોરીંગ એવી રીતે કરવામાં આવ્યું છે કે ધૂળ ઊડીને ઉપર ન આવે અને ફ્લોરીંગ રમનારાને જમીનનો જ અહેસાસ આપે, રમવામાં જરાય નડે નહીં. અગાઉનાં વર્ષોમાં પણ આ જ બાબતે ખેલૈયાઓને આ ગ્રાઉન્ડ તરફ આકર્ષ્યા હતા અને હજુ પણ ખેલૈયાઓને આ બાબત આકર્ષી રહી છે.

એ ઉપરાંત દર્શકો માટે આકર્ષક બાબત છે ગ્રાઉન્ડમાં મૂકવામાં આવેલી બે મોટી ઍલઈડી સ્ક્રીન. ગ્રાઉન્ડમાં કોઈપણ સ્થળે બેઠા હોવા છતાં દર્શકો આરામથી આ સ્ક્રીનના માધ્યમથી ખેલૈયાઓ અને ગરબાને આરામથી નિહાળી શકે છે. એલઈડીના ક્રિસ્ટલ ક્લિયર પિક્ચર અને મોટા કદને કારણે મેદાનના ખૂણે-ખૂણેથી તેને જોઈ શકાય એવી વ્યવસ્થા ખરેખર સરાહનીય બની છે. ગાંધીનગરના ગરબા ઈતિહાસમાં કોઈ ગ્રાઉન્ડમાં ઍલઈડી સ્ક્રીન મૂકવામાં આવી હોય એવી આ પહેલી જ ઘટના છે, જે ખૂબ વખણાઈ પણ રહી છે.

મહર્ષિ અત્રી માધ્યમિક શાળામાં વિજ્ઞાન મેળો યોજાયો હતો. જેમાં જિલ્લાની ૭૦થી વધુ કૃતિઓ રજૂ થયેલ હતી. કાર્યક્રમના સફળ આયોજન બદલ આચાર્યશ્રી ભરતસિંહ રાઠોડ અભિનંદન પાઠવેલ હતા. વિજ્ઞાનમેળામાં પસંદગી પામેલ કૃતિઓ મોટેરામાં ભાગ લેવા જશે. શાળાઓ વેબસાઈટ પરથી પરિણામ જોઈ શકાશે.

ચિતોડના ભામાશાને તો જોયો નથી, ચાલો અંબોડના ભામાશાને તો મળી લઈએ !

આગવો માણસ - આપણો માણસ
- કિશોર જીકાદરા

ગાંધીનગરથી મહુડી જવાના રસ્તે માણસા તાલુકાની હદનું અંબોડ ગામ સાબરમતી નદીનાં કિનારે આવેલા અતિપ્રાચીન મહાકાળી માતાના મંદિરને કારણે મીની પાવગઢ તરીકે વિખ્યાત છે. મહાકાળીના દર્શન કરીને પ્રશન્ન થયો એથી અધિક પ્રસન્નતા મને અંબોડ ગામના બે ભવ્ય પ્રવેશદ્વારો અને ગામની પ્રાથમિક શાળાનાં પરિવારના જુદા જુદા સભ્યોનાં નામો વાંચીને થઈ. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે જીતેન્દ્રસિંહજી ચાવડાએ પોતાના સ્વર્ગીય દાદા - દાદી અને સ્વર્ગીય માતા પિતાના સ્મરણાર્થે અંબોડ ગામમાં મોકળે મને અને છૂટ્ટા હાથે અઢળક દાન કર્યું છે. અંબોડના આ ભામાશાને રૂબરૂ મળવાની પ્રબળ ઈચ્છા મારાથી રોકી શકાય તેવી નહોતી. રૂબરૂ મળ્યો ત્યારે આ યુવાનનું દાતૃત્વ મને અચંબિત કરી ગયું. ચિતોડના ભામાશાની મુલાકાત કરાવવી શક્ય નથી, કહો તો અંબોડના આ ભામાશાની તમને અહીંયા અબઘડી રૂબરૂ કરાવી દઉં !!

દરબારનો દીકરો પોલીસખાતાની નોકરી પહેલી પસંદ કરે, વીસ વર્ષના યુવાન બાબુસિંહ કોન્સ્ટેબલ બન્યા. અમદાવાદ શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટરમાં ચાલુ નોકરીએ ભણીને બાબુસિંહ મેટ્રીક પાસ થયા. ઈન્સ્પેક્ટર બનવાનું સ્વપ્ન પણ પાર પાડવું. ૧૯૭૪માં પી.એસ.આઈ.ની બઢતી મળી. પરિવાર સુરત ખસેડ્યો ત્યારે આપણા જીતેન્દ્રસિંહ ફક્ત પાંચ વર્ષનાં હતા. વિદ્યાની દેવી કરતાં લક્ષ્મીની કૃપા જીતેન્દ્રસિંહ પર વધારે વરસી છે એક કહેવામાં જરા ય અજૂગતું નથી. આમ પણ ૪૭ વર્ષની યુવાન વયે પિતા બાબુસિંહનું ચાલુ નોકરીએ હૃદયરોગના હુમલામાં અકાળે નિધન થવાને કારણે જીતેન્દ્રસિંહના માથે એકાએક મોટી જવાબદારી આવી પડી. ધોરણ-૧૨ પછી ઉચ્ચ અભ્યાસના ઓરતા અધૂરા રહી ગયા. ફરજીયાત કમાવું પડે તેવી સ્થિતિમાં હીરાનગરી સૂરતમાં એકાદ વર્ષ હીરાની રફનો વેપાર કરી જોયો. કદાચ રત્નો કરતાં જમીન મકાનના વ્યવસાય સાથે જીતેન્દ્રસિંહને વધારે લેણું હશે !

જીતેન્દ્રસિંહને સૂરત બેસૂમાર ફળ્યું. ફક્ત દસ જ વર્ષનાં ટૂંકા ગાળામાં આ સાહસિક યુવાને જમીન લે-વેચ અને બિલ્ડીંગ કન્સ્ટ્રકશનના વ્યવસાયકારોમાં એક અગ્રગણ્ય બિલ્ડર તરીકે પોતાની આગવી છાપ ઊભી કરી હતી. ચાવડા કોર્પોરેશન અને ધર્મજીત કન્સ્ટ્રકશનની તે સમયે સૂરતમાં બોલબાલા હતી. સૂરત શહેર અને તેની આસપાસનાં ગામોમાં બંગ્લોઝ, રો-હાઉસ, શોપિંગ સેન્ટર જેવી યોજનાઓ મુકીને બાંધકામની દુનિયામાં આ યુવાન ઉદ્યોગપતિ એક પછી એક સફળતાના શિખરોને ચૂમતો રહ્યો. એકાદ દસકો જીવનની દિશા નક્કી કરવા માટે કાફી હોય છે. વીસમી સદીનો અંતિમ દશક જીતેન્દ્રસિંહના જીવન માટે માટે નિર્ણાયક સાબિત થયો.

સૂરતે પૈસો આપ્યો, નામ આપ્યું છતાં ધીખતો ધંધો અને અઢળક કમાણી વચ્ચે જીતેન્દ્રસિંહને સ્વર્ગથી વહાલા વતનનો વિયોગ સતત સતાવતો રહ્યો. 'જનની જન્મભૂમિશ્ચ, સ્વર્ગાદપિ ગરિયસી.' માતૃભૂમિનું ઋણ ચૂકવવા માંહ્યલો થનગનતો હતો. એક બાજુ કર્મભૂમિનું મોહક આકર્ષણ હતું તો બીજી તરફ માદરે વતન માટે અંતરતલનું ખેંચાણ ! વતનપ્રેમ આખરે જીતી ગોય. સૂરતને અલવિદા કહી જીતેન્દ્રસિંહ અંબોડ આવી ગયા. જે.બી. કોર્પોરેશન, ચાવડા કોર્પોરેશન, ધર્મજીત કોર્પોરેશન, ન્યુ ચાવડા કોર્પોરેશન અને જયશ્રી મહાકાલેશ્વર ઈન્ફ્રાસ્ટ્રકચરના નામે જીતેન્દ્રસિંહે ગાંધીનગર - મહુડી રોડ, ગ્રામભારતી, વિજાપુર, દેલવાડ, અને અંબોડમાં બંગ્લોઝ, ફ્લેટ્સ, શોપિંગ સેન્ટર કોમ્પલેક્ષની સફળ સ્કીમો મુકી. અહીં પણ સુરત જેવી જ કામિયાબી હાંસલ થઈ. અંબોડ ખાતે બાપીકા જૂના ઘરને સ્થાને નવું મકાન બનાવી, દિવંગત વડવાઓનાં આશીર્વાદ મેળવ્યા. જીતેન્દ્રસિંહ પાસે પર્યાપ્ત દોલત હતી. ધારે તો તેઓ રાજા મહારાજાની જેમ ઠાઠથી જીવી શકે તેમ હતા. પણ તેઓ કહેતા કે 'અપને લીયે તો કયા જીએ ?' બહુ નાની વયે સમાજ માટે કશું કરી છૂટવાની તમન્ના હતી, પાસે પૈસો હતો. હૈયામાં હામ હતી. જીતેન્દ્રસિંહનું એક સ્વપ્ન હતું કે અંબોડમાં એક શાળા બનાવવી. રૂા. બાવીસ લાખના માતબર ખર્ચે જીતેન્દ્રસિંહે પોતાના ગામમાં પ્રાથમિક શાળાનું ત્રણ માળનું મકાન બનાવી આપ્યું.

નવનિર્મિત શાળાને બાબુસિંહજી શિવસિંહજી આનંદપુરા (અંબોડ) પ્રાથમિક શાળાનું નામ આપીને પોતાના સ્વર્ગીય પિતાજીને સાચી શ્રધ્ધાંજલિ આપી, જીતેન્દ્રિસંહજીએ વતનની ધૂળનું કરજ ઉતારવાનો પ્રારંભ કર્યો. નાણાંકીય સાધનોના અભાવે રાજપૂત સમાજ શિક્ષણથી વંચિત ન રહી જાય તેની ચિંતા પણ જીતેન્દ્રસિંહે કરી છે. રાજપૂત સમાજનાં શૈક્ષણિક સંકુલ માટે એકાવન પૈકી પિલવાઈમાં રૂા. પાંચ લાખ, રંગપુરમાં રૂ. એક લાખ અને વરસોડામાં રૂા. એક લાખ અગિયાર હજાર અને મુકબધિર સંસ્થામાં રૂા. એક લાખના દાન ઉપરાંત મધ્યમવર્ગીય વિદ્યાર્થીઓની ફી, શાળાઓમાં કોમ્પ્યુટર અને નોટબુક - ચોપડીઓનું નિઃશુલ્ક વિતરણ, કન્યાઓને ગણવેશ, બાલમંદિરોની સ્થાપના, બાળકો માટે રમતગમત અને ચિત્રસ્પર્ધાઓનું આયોજન વિગેરે પ્રવૃત્તિઓમાં જીતેન્દ્રિસિંહનો શિક્ષણપ્રેમ સ્પષ્ટ તરી આવે છે. દાદી કેસરબાના સ્મરણાર્થે ગામની આંગણવાડીના નિર્માણ ખર્ચમાં વીસ ટકાનો ફાળો અને સ્વર્ગીય પિતાજી બાબુસિંહજીના સ્મરણાર્થે નીલકંઠ મહાદેવ મંદિરમાં અડારીના નિર્માણ જેવા સમાજસેવાના કાર્યોમાં જીતેન્દ્રસિંહના યશાશક્તિ યોગદાન બદલ સમસ્ત ચાવડા સમાજ ગર્વની લાગણી અનુભવે તે સ્વાભાવિક છે ! સામાજિક ચેતના જગાડવા માટે તથા રાજપૂત સમાજનાં ઉત્થાન માટે તેઓ હંમેશાં ચિંતીત રહ્યા છે. (ક્રમશઃ)